ધરમ બાબત પાખંડી સાખી.

મુખી થઇને પાટે બેઠા, બીસમલા રહ્યા તાણે,
મુળ ધરમનો મરમ ન જાણે, મોઢામાં મોદક હણે.

મુખ બાંધી મુખી બેઠા મનમાં શું રહ્યા કરે,
વીવેક વીચાર સમજે નહીં ઠીપુંઠીપું દે.

મુખમાંતો મણ મણ કરે ભકતી ભેદ ન જાણે,
માખણનોતો મરમ ના જાણે છાસ બેઠા તાણે.

સંપેથી ફડ ફડ કરે બહાર શાબ્દ નાં પાડે,
ધોકો લઇને મારે તોરત નીચા પછાડે.

કણબીનુંતો કરમ ફૂટયું ભકતી નહી પણ ભવાઇ,
માખણ હતું તે સંતે ખાધું પછી છાસ પડી કુટાઇ.

ગમ ગમ ગોળી કરે ચમ ચમ રહયા ચોળે,
જ્ઞાન ધ્યાનકી સુધ નહી માટી બેઠા ડોળે.

જમજમ જુવાર જુયે ધમ ધમ રહયા ધોડે,
પા ણી પી ક રી ને પ છી રા બ રા ભે ડે.

ધર્મનો મરમ ન જાણે માથું રહ્યા ફોડે,
વેદનો ભેદ નાં જાણે આપ આપનું જોડે.

અમ અમ ઉભા થયા ખલ ખલ રહા ખમે.
નમ નમ નમાજી થયા ગુડા ખોડીને નમે.

ઉભા થઇને થાકી રહા પગ રહયા તુટે,
દરસન કરાવે નબુવતનાં ધન રહયા લુંટે.

વારાફરતી વારા ચાલે લાણ મીઠી લાગે,
બળ કરીને નળી તાંણે પાણી બેઠા માગે.

પ્રસાદ કેવાય ભાવનો સદા પ્રેમ પ્રકાસ,
સદા આનંદસે રામસે બારો માસ વીલાસ.

જુમા રાતની જુકતી રચ્યા સૌ ખાવાને દોડે,
ભકતીનોંતો ભેદ ન જાણે ઠાલા વાસણ ફોડે

પેટ બળતાં કેવું પડે સૌ સામે રહા થાવે,
સાચું કેતા ખોટું લાગે સીધા ચોરાસી જાવે.

દેવળ મંદર સારૂં લાગે સરવે વાતનું સુખ,
વાસણ બીછાના અપારહે જરા નથી દુઃખ.

સરવે સોભા સોહયામણી માંડે સટપાટ,
મન દેખીને રાજી થાવે આદ અનાદી વાટ.

ભુલ એક વાતની સંત સમાગમ નથી,
ગુંગા થઇને ગુરૂ બેઠા સતનાં મળે એક રતી.

ખાવા પીવાના ખલીફા સતસંગના ચોર,
રામ રતન રાખમાં રોળીયું ધણી વાનાના દોર.

લાભ લેવા જાય સરવે થાયે માથા કુટ,
આપ ધરમની ખબર નહીં જેસા વાસણ કુટ.

મંદીર મંદીર હવે સૌ પોકારો જાલણ નોબત વાગે,
નીજ ધરમનો ડંકો બજાવો સબે ભરમના ભાગે.

રામ રામનો રંગ લગાવો રામ રોમ રણંકારા,
તમ તમ ત્યાં તીમર નાસે જેમ સુરજના ચમકારા.

પ્રપંચને હવે પાર લંગાવો કુડ કપટને કાઢો,
લાલચ લાગી લોભ તણી કાંમ કરોધને વાઢો.

મોળા થયા મુખી ને કાચા થયા કાકા,
આપે આપ આંધળાં ને રૌયદ થયા પાકા.

પાખંડીયે પંથ બનાયો સરવેને કરયા સીતળ,
દેખાવ દીધો હેમન્તે માય ભરયું પીતળ.

પીતળીયો પંથ કરયો ને સોનેરી થયા સાધુ,
સીયાર જેવા સેવક પાડા થયા ગુરૂ બેલે રાજાધુ.

લાય લાગી અંતરમાં પેટ રહયું બળે,
બહાર કહું તો લાજ જાવે નાં કહું તો કાજનાં સરે.

જે કુળમાં જનમ લેવો તેના ગુણ ગાવે,
ભુલ સુધારી પોતા તણી સોઇ પરમ પદ પાવે.

હલી મલી સબ નાતસે નીરમળ થઇને જાવે,
હું મુખીનો છોકરો પોતાની ભુલ પરખાવે.

ભુલ બીજી ભરમની સબ ભરમમાં ભરમાવે,
ગુનાની વાતો ચાલે ગુંગા ગોથા ખાવે.

કરીયા કરે ખટપટની મુરખોને ફંસાવે,
આપ છોડે આપ બાંધે પછી ગુણ કોના ગાવે.

પોપલીલા પ્રપંચની ઠગી ધુતીને ખાવે,
જેને ગમ નહિ પોતાની ઘરની બીજાને શું સમજાવે.

દૃખી દેખીને લાય લાગી મેર તન દુઃખ પાવે,
સંભારૂં તો સુખ નાહી સુતા સપના આવે.

માતા બાલકને મારે અંતર પ્રેમ લગાવે,
બીજા કેવે વચન માતા જુરી જુરી જાવે.

જ્યાં જોઉંતાં અપકીરતી ધાવ કલજે લાગે.
બેકર જોડીને કરૂં વીનતી સાચા વીસણુ જાગે.

અરજી અમર પુરૂષને નોધારાના આધાર,
કડવા પાટીદારનો ઉદ્ધાર કરો સાહેબ સરજનહાર.

ઇશ્વરનો આધાર પાપ છોડાવન હાર,
અનેક પાપીને પાવન કર્યાં અબ હમારી વાર.

ધન દાતા દયાલું પ્રગટ ભયે રવી ભાણ,
તુમ સાહેબ સાગર હો મીટાવો ખેંચા તાંણ.

ભુલ ચુક મારી અપાર હે માફ કરો મમ ભાઇ,
માઠું મા લગાડશો માનવી ભુલ દીયા સોઇ.

મેં જડ બુધ્ધી બાલક હું પીતા કુલકી લાજ,
મેરા અવગુણ મેરે પાસહે તુમ સુધારો કાજ.

મેરી અરજી માનીયો પહેલે નાત ઓધાર,
પીછે દેવસી દાસકું રાખો શરણ મોઝાર.

સંવત ઓગણીસોને ચોરાણુને માગસર માસ,
શુદ ત્રીજને વાર શુક્રનો શબ્દ કર્યો પ્રકાશ.

બેકર જોડીને કરું વીનતી હમ તુમારો દાસ,
શરણ રાખો બાપજી ગુના કરો સબ માફ.

સરવે ભાઇઓની વીનતી જલદી ચેતો આજ,
દેવસી કાનજીને રાખો શરણમે પ્રભુ ગરીબ નીવાજ.

સિંધ જખરામાં બીરાજમાન સર્વે નાતનો દાસ,
તાલુકો સધાતપર જીલ્લો નવાબસા ઉવા હમારા વાસ.

દુર્ગા પ્રેસ,-કરાચી.

Real Patidar Library

About Real Patidar books

ધરમ બાબત પાખંડી સાખી.

મુખી થઇને પાટે બેઠા, બીસમલા રહ્યા તાણે,
મુળ ધરમનો મરમ ન જાણે, મોઢામાં મોદક હણે.
મુખ બાંધી મુખી બેઠા મનમાં શું રહ્યા કરે,
વીવેક વીચાર સમજે નહીં ટીપું ટીપું દે.
મુખમાંતો મણ મણ કરે ભકતી ભેદ ન જાણે,
માખણનોતો મરમ ના જાણે છાસ બેઠા તાણે.
સંપેથી ફડ ફડ કરે બહાર શબદ નાં પાડે,
ધોબો લઇને મારે તોરત નીચા પછાડે.
કણબીનું તો કરમ ફૂટયું ભકતી નહી પણ ભવાઇ,
માખણ હતું તે સંતે ખાધું પછી છાસ પડી કુટાઇ.
ગમ ગમ ગોળી કરે ચમ ચમ રહયા ચોળે,
જ્ઞાન ધ્યાનકી સુધ નહી માટી બેઠા ડોળે.
જમજમ જુવાર જુયે ધમ ધમ રહયા ધોડે,
પાણી પી કરીને પછી રાબરા ભેડે.
ધર્મનો મરમ ન જાણે માથું રહ્યા ફોડે,
વેદનો ભેદ નાં જાણે આપ આપનું જોડે.
અમ અમ ઉભા થયા ખલ ખલ રહા ખમે.
નમ નમ નમાજી થયા ગુડા ખોડીને નમે.
ઉભા થઇને થાકી રહા પગ રહયા તુટે,
દરસન કરાવે નણુવતનાં ધન રહયા લુંટે.
વારાફરતી વારા ચાલે લાણ મીઠી લાગે,
બળ કરીને નળી તાણે પાણી બેઠા માગે.
પ્રસાદ કેવાય ભાવનો સદા પ્રેમ પ્રકાસ,
સદા આનંદસે રામસે બારો માસ વીલાસ.
જુમા રાતની જુકતી રચ્યા સૌ ખાવાને દોડે,
ભકતીનોંતો ભેદ ન જાણે ઠાલા વાસણ ફોડે
પેટ બળતાં કેવું પડે સૌ સામે રહા થાવે,
સાચું કેતા ખોટું લાગે સીધા ચોરાસી જાવે.
દેવળ મંદર સારૂં લાગે સરવે વાતનું સુખ,
વાસણ બીછાના અપારહે જરા નથી દુઃખ.
સરવે સોભા સોહયામણી માંડે સટપાટ,
મન દેખીને રાજી થાવે આદ અનાદી વાટ.
ભુલ એક વાતની સંત સમાગમ નથી,
ગુંગા થઇને ગુરૂ બેઠા સતનાં મળે એક રતી.
ખાવા પીવાના ખલીફા સતસંગના ચોર,
રામ રતન રાખમાં રોળીયું ધણી વીનાના ઢોર.
લાભ લેવા જાય સરવે થાયે માથા કુટ,
આપ ધરમની ખબર નહીં જેસા વાસણ કુટ.
મંદીર મંદીર હવે સૌ પોકારો જાલણ નોબત વાગે,
નીજ ધરમનો ડંકો બજાવો સબે ભરમના ભાગે.
રામ રામનો રંગ લગાવો રામ રોમ રણંકારા,
તમ તમ ત્યાં તીમર નાસે જેમ સુરજના ચમકારા.
પ્રપંચને હવે પાર લંગાવો કુડ કપટને કાઢો,
લાલચ લાગી લોભ તણી કાંમ કરોધને વાઢો.
મોળા થયા મુખી ને કાચા થયા કાકા,
આપે આપ આંધળાં ને રૌયદ થયા પાકા.
પાખંડીયે પંથ બનાયો સરવેને કરયા સીતળ,
દેખાવ દીધો હેમન્તે માય ભરયું પીતળ.
પીતળીયો પંથ કરયો ને સોનેરી થયા સાધુ,
સીયાર જેવા સેવક પાડા થયા ગુરૂ ખેલે રાજાધુ.
લાય લાગી અંતરમાં પેટ રહયું બળે,
બહાર કહું તો લાજ જાવે નાં કહું તો કાજનાં સરે.
જે કુળમાં જનમ લેવો તેના ગુણ ગાવે,
ભુલ સુધારી પોતા તણી સોઇ પરમ પદ પાવે.
હલી મલી સબ નાતસે નીરમળ થઇને જાવે,
હું મુખીનો છોકરો પોતાની ભુલ પરખાવે.
ભુલ બીજી ભરમની સબ ભરમમાં ભરમાવે,
ગુનાની વાતો ચાલે ગુંગા ગોથા ખાવે.
કરીયા કરે ખટપટની મુરખોને ફંસાવે,
આપ છોડે આપ બાંધે પછી ગુણ કોના ગાવે.
પોપલીલા પ્રપંચની ઠગી ધુતીને ખાવે,
જેને ગમ નહિ પોતાની ઘરની બીજાને શું સમજાવે.
દેખી દેખીને લાય લાગી મેર તન દુઃખ પાવે,
સંભારૂં તો સુખ નાહી સુતા સપના આવે.
માતા બાલકને મારે અંતર પ્રેમ લગાવે,
બીજા કેવે વચન માતા જુરી જુરી જાવે.
જયાં જોઉંતાં અપકીરતી ઘાવ કલજે લાગે,
બેકર જોડીને કરૂં વીનતી સાચા વીસણુ જાગે.
અરજી અમર પુરૂષને નોધારાના આધાર,
કડવા પાટીદારનો ઉદ્ધાર કરો સાહેબ સરજનહાર.
ઇશ્વરનો આધાર પાપ છોડાવન હાર,
અનેક પાપીને પાવન કર્યાં અબ હમારી વાર.
ધન દાતા દયાલું પ્રગટ ભયે રવી ભાણ,
તુમ સાહેબ સાગર હો મીટાવો ખેંચા તાંણ.
ભુલ ચુક મારી અપાર હે માફ કરો મમ ભાઇ,
માઠું મા લગાડશો માનવી ભુલ દીચા સોઇ.
મેં જડ બુધ્ધી બાલક હું પીતા કુલકી લાજ,
મેરા અવગુણ મેરે પાસહે તુમ સુધારો કાજ.
મેરી અરજી માનીયો પહેલે નાત ઓધાર,
પીછે દેવસી દાસકું રાખો શરણ મોજાર.
સંવત ઓગણીસોને ચોરાણુને માગસર માસ,
શુદ ત્રીજને વાર શુક્રનો શબ્દ કર્યો પ્રકાશ.
બેકર જોડીને કરું વીનતી હમ તુમારો દાસ,
શરણુ રાખો બાપજી ગુના કરો સબ માફ.
સરવે ભાઇઓની વીનતી જલદી ચેતો આજ,
દેવસી કાનજીને રાખો શરણુમે પ્રભુ ગરીબ નીવાજ.
સિંધ જખરામાં બીરાજમાન સર્વે નાતનો દાસ,
તાલુકો સધાતપર જીલ્લો નવાબસા ઉવા હમારા વાસ.

દુર્ગા પ્રેસ,-કરાચી.